# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા. ૨૭-૨-૨૦૦૯**

વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આજે વિધાનસભામાં સહકાર મંત્રીશ્રી નિયમ-૪૪ નીચે નિવેદન કરીને રત્ન કલાકારો માટે કાંઇક પેકેજ અપાશે તેવી અપેક્ષા ઉપર પાણી ફેરવી નાખ્યું છે. કોંગ્રેસની આગેવાની નીચેની કેન્દ્ર સરકારના ૨ વર્ષ પહેલા નીતિ જાહેર કરી કે, ખેડૂતોને ૭ ટકાના વ્યાજથી ધિરાણ મળે તે જરુરી છે અને તે માટે કેન્દ્ર સરકાર તથા નાબાર્ડ વ્યાજ રાહત પેટે ૩ ટકા આપશે અને રાજયોની સરકારે ૨ ટકા રાહત આપવી જેથી ખેડૂતોને ૧૨-૧૩ ટકાના બદલે ૭ ટકાએ ધિરાણ મળી રહે. મહારાષ્ટ્રની કોંગ્રેસ સરકારે તુર્તજ ખેડૂતોના હિતમાં આ નીતિનો સ્વીકાર કરી લીધો અને ૨ ટકા વ્યાજ રાહતની ફાળવણી કરી તેથી ૩ ટકા કેન્દ્ર અને નાબાર્ડના વ્યાજ રાહતના પૈસા ખેડૂતોને મળી શકયાં અને છેલ્લા ૨ વર્ષથી મહારાષ્ટ્રના ખેડૂતોને ૭ ટકા વ્યાજથી ધિરાણ મળતું થઇ ગયું ગુજરાતની કેટલીક બેન્કોએ ગુજરાત સરકારની ઉપર વિશ્વાસ રાખી ખેડૂતોને ૭ ટકા જેટલું ધિરાણ આપવાનો પ્રયત્ન કર્યો પરંતુ ગુજરાત સરકારે ૨ ટકા વ્યાજ રાહતના ન ફાળવ્યા અને પરિણામે કેન્દ્રમાંથી આવતાં ૩ ટકા પણ ગુજરાતના ખેડૂતોને મળી શકયા નહી.સહકારી બેન્કોએ જે ૭ ટકા ધિરાણ આપવાનો પ્રયત્ન કર્યો હતો એમાં પણ ફરી વિચારણા કરી ૭ ટકા ધિરાણ આપવાનું બંધ કર્યુ આમ છેલ્લાં ૨ વર્ષથી ગુજરાતના ખેડુતોને ગુજરાત સરકારે ૨ ટકા વ્યાજ રાહત ન ફાળવવાના કારણે વ્યાજમાં ૫ ટકાનો માર ભોગવવો પડયો છે. હવે આજે લોકસભાની ચૂંટણીને નજર સમક્ષ રાખીને ૨ ટકા વ્યાજ રાહતની રાજય સરકારે જાહેરાત કરી છે. અને તેથી ખેડૂતોને કેન્દ્રના અને નાબાર્ડના ૩ ટકા વ્યાજ રાહત મળશે પરંતુ રાજય સરકારના કારણે જે ખેડૂતોને છેલ્લા બે વર્ષથી ૫ ટકા વ્યાજનો માર પડયો છે. તેમની કોઇપણ ચિંતા રાજય સરકારે કરી નથી.

રત્ન કલાકારો માટે કોઇ વ્યવસ્થિત પેકેજ આપવાના બદલે આજે નિવેદનમાં લોલીપોપ આપવાનો પ્રયત્ન થયો છે. રત્ન કલાકારોને જો ખેતીની જમીન હોય અને તેના પર ખેતિ વિષયક લોન લો તો ૧ ટકા વ્યાજ રાહત આપવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે. હકીકતમાં મહદઅંશે રત્ન કલાકારો એ ખેત મજદૂર અથવા નાના અને સીમાંત ખેડૂતોના પરિવારમાંથી આવતા હોય છે અને આવા રત્ન કલાકારોને ખેતિ વિષયક ધિરાણ લેવાનું થતું નથી અને કદાચ ધિરાણ લેવા જાય તો બહુજ ઓછી જમીન હોવાના કારણે નજીવું ધિરાણ મળે અને તે ધિરાણમાં ૧ ટકા વ્યાજ રાહત એટલે રત્ન કલાકારોની મશ્કરી સમાન છે. નેનો કારને ૦.૧ ટકાથી વીસ વર્ષના લાંબાગાળાની ૯૫૭૦ કરોડ રુપિયાની લોન આપતી ગુજરાત સરકારે રત્ન કલાકારોને નાના ઉદ્યોગો સ્થાપવા અથવા એક-બે ઘંટી સ્થાપવા માટે નેનો કાર જેવું પેકેજ આપવું જોઇએ તેવી કોંગ્રેસ પક્ષે માંગણી કરી પરંતુ રાજય સરકારે કોંગ્રેસની માંગણીને ઠુકરાવી દઈને રત્ન કલાકારોના પેટ ઉપર પાટું મારેલ છે.

ઉદ્યોગમંત્રીશ્રીએ વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટના ભાગરુપે નવી ઉદ્યોગ નીતિની જાહેરાત કરી છે પરંતુ નાના અને લઘુ ઉદ્યોગોના વીજ દર પર જે ઈલેકટ્રીકસીટી ડયૂટી લેવામાં આવે છે. તેમાં માફી આપવાની કે અન્ય કોઇ નકકર મદદરુપ થવાની દરખાસ્તજ નથી. ખરા અર્થમાં મંદીના વાતાવરપણમાં નાના અને લઘુ ઉદ્યોગોને મદદરુપ થવા માટે રાજય સરકારે વિજળીના બિલોમાં લેવાતાં ફયુઅલ ચાર્જીસ, હોર્સ પાવર દિઠના ચાર્જીસ તથા રાજય સરકારની ઈલેકટ્રીકસીટી ડયૂટીને સંપૂર્ણ માફ કરવી જોઇએ અને જે યુનિટના દર લેવાય છે તેજ દર લેવા જોઇએ. ખરા અર્થમાં મોટા ઉદ્યોગપતિઓ માટે વાયબ્રન્ટ બનતી અને પ્રજાની તિજોરીની લૂંટ ચલાવતી આ રાજય સરકારે નાના અને લઘુ ઉદ્યોગો માટે શબ્દોની સજાવટ સિવાય નીતિમાં નકકર કહી શકાય તેવું કશુંજ આપેલું નથી.

આજે હિપેટાઇટીસ-બીના કારણે મોડાસાની આજુબાજુનાં વિસ્તારોમાં ૪૯ મૃત્યુનાં આંક નોંધાયા છે. ૧૬૫ દર્દીઓ આ રોગથી ઘેરાયેલા છે. તેમના સંદર્ભમાં રાજય સરકારે નિવેદન કરેલ છે. પરંતુ કોઇ નકકર પગલાં કે રાજય સરકારની ચિંતાનો સંપૂર્ણ અભાવ આ નિવેદનમાં છે. હિપેટાઇટીસ-બીનો રોગચાળો વિસ્તારને અતિશય પરેશાન કરી રહયો છે અને અનેક મૃત્યુ થયાં છે. તેમછતાં મુખ્યમંત્રીશ્રીએ આ વિસ્તારોની મુલકાત લેવા સુધ્ધાંનું ટાળ્યું છે. ભૂતકાળમાં કુદરતી આફત કે પ્રજાની મુશ્કેલીઓના સમયે મુખ્યમંત્રીશ્રી તાત્કાલિક અસરગ્રસ્ત લોકની વચ્ચે દોડી જતા હતાં પરંતુ  વર્તમાન મુખ્યમંત્રીશ્રી મોટા ઉદ્યોગપતિઓની વચ્ચે રહે છે અને આમ ગુજરાતીઓની ચિંતા નથી તેની પ્રતિતી આજે થઇ રહી છે. મોડાસા અને રાજયના અન્ય સરકારી દવાખાનાઓમાં પૂરતી સુવિધાઓનો સંપૂણ્ અભાવ છે અને જે પગલાંઓ ભરવા જોઇએ તે પગલાંઓ ભરવામાં આવતા નથી. રાજય સરકારની નિષ્ફળતાથી ગુજરાતમાં ન કલ્પી શકાય તેવા રોગ આવે છે અને આવ્યા પછી તેને કાબૂમાં લેવામાં પણ તંત્ર સંપૂર્ણ ઉદાસીન રહે છે. કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રી અનિભાલભાઇ જોષીયારાએ કેટલીક મુશ્કેલીઓ અંગે રાજય સરકારનું ધ્યાન દોર્યુ હતું પરંતુ તેમાં પણ રાજય સરકાર તરફથી કોઇ સકારાત્મક પ્રતિભાવ મળેલો નથી.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ